### ‘ગુજરાતમિત્ર’ના અહેવાલો બાદ શાસકો સફાળા જાગ્યા

# રાજમાર્ગનાં દબાણો દૂર કરવા આદેશ

**સ્થાયી** સમિતિએ એકાદ-બે દિવસ નહીં, સતત અભિયાન ચલાવી રાજમાર્ગને સંપૂર્ણ દબાણ મુક્ત કરવા તાકીદ કરી



સુરતઃ શહેરમાં દિનપ્રતિદિન વધતા દબાણોના મુદ્દે ‘ગુજરાતમિત્ર’ દ્વારા સતત પ્રકાશિત થતા અહેવાલો પછી અંતે શાસકો હરકતમાં આવ્યા છે. ખાસ કરીને વરાછા-સરથાણા બ્રિજ નીચે મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનરે જાતે હાજર રહી દબાણો દૂર કરાવ્યા બાદ શહેરભરમાંથી દબાણમુક્ત અભિયાનની માંગ જોરશોરથી ઉઠી છે. હવે રાજમાર્ગ વિસ્તારની ગંભીર સ્થિતિને ધ્યાનમાં લઈ સ્થાયી સમિતિમાં મુદ્દો તીવ્રતાથી ઉઠાવવામાં આવ્યો અને તાત્કાલિક પગલાં લેવા આદેશ આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મુદ્દે બે દિવસ પહેલા ‘ગુજરાતમિત્ર’ ટ્રાફિક, પાર્કીંગ અને દબાણો વચ્ચે કોટ વિસ્તારનો શ્વાસ રૂંધાય છે’ તેવી ટીપ્પણી સાથે અહેવાલ પ્રગટ કર્યો હતો. શહેરના રાજમાર્ગ વિસ્તારમાં રાત્રિ થતા જ રોડ ઉપર ગેરકાયદે ફેરિયાઓ કબજો જમાવી દેતા આખો માર્ગ જાહેરબજાર જેવો બની જાય છે. ટ્રાફિક સંપૂર્ણપણે અવરોધાય છે અને વાહનચાલકો પીક અવર્સમાં ભારે મુશ્કેલીમાં પસાર થાય છે. વિસ્તારના નાગરિકો અને દુકાનદારો લાંબા સમયથી ફરિયાદો કરતા આવ્યા છે, છતાં કોઈ સ્થાયી ઉકેલ નહીં આવતા પરેશાની વધી રહી છે. શુક્રવારે




**તારીખ 5 ડિસેમ્બરનો ગુજરાતમિત્રનો અહેવાલ**

કે દબાણોને કારણે રાજમાર્ગની ટ્રાફિક વ્યવસ્થા બગડી રહી છે અને યોગ્ય પગલાં નહીં લેતા ગેરકાયદે દબાણો બેફામ વધી રહ્યા છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે બેઠકમાં તાત્કાલિક દબાણ હટાવવાની ડ્રાઈવ શરૂ કરવાનો આદેશ આપતા જણાવ્યું કે “શહેરના હાર્દ સમા રાજમાર્ગ પર દબાણોની સ્થિતિ ગંભીર છે.

#### રાજમાર્ગ માટે આદેશ ચૌટાપુલનાં દબાણો હટાવવા મુહૂર્ત જોવાય છે?

‘ગુજરાતમિત્ર’ના અહેવાલ બાદ હરકતમાં આવેલા શાસકોએ રાજમાર્ગના દબાણો દૂર કરવા રોજ રાત્રે દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવા આદેશ આપ્યો છે. પરંતુ જે દબાણો માટે મોટા હોબાળા થઇ ચુકયા છે, તે ચૌટાપુલના દબાણો મુદ્દે શહેરની સૌથી જૂની સંસ્થા સુરત જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ્રના પ્રમુખ અને ભાજપના પૂર્વ શહેર પ્રમુખ નીતીન ભજીયાવાલા સહિતના આગેવાનોએ ચૌટાપુલના દબાણો પણ મેયર અને પોલીસ કમિશનર વરાછા વિસ્તારની જેમ જ જાતે ઉભા કરીને હટાવે તેવુ આમંત્રણ આપતો ખુલ્લો પત્ર લખ્યો હતો. માત્ર મેયર અને સ્થાયી સમિતિ તેમજ કમિશનરને જ નહીં, તમામ ધારાસભ્યો અને સાંસદોને પણ પત્ર લખ્યો હતો. છતાં હજુ સુધી મનપાનું તંત્ર જાણે ચૌટાપુલના દબાણો હટાવવા માટે મુહૂર્તની રાહ જોતું હોય તેમ હરકતમાં આવ્યું નથી. જો કે મનપાના તંત્રવાહકો એવું જણાવી રહ્યા છે કે, ચૌટાપુલના દબાણો હટાવવા મોટી અને સતત ડ્રાઇવ હાથ ધરવાની છે. જેના માટે પોલીસ દ્વારા સતત દસ બાર દિવસ બંદોબસ્ત મળે તેની રાહ જોવાઇ રહી છે. જો કે દબાણકર્તાઓથી પરેશના લોકો આ વાતને મનપાના તંત્ર વાહકોની ઢીલી નીતિ ગણાવી સમય પસાર કરવાના બહાના કરતા હોવાનો રોષ વ્યકત કરી રહ્યા છે.

# આડેધડ બમ્પ ઠોકી બેસાડનાર સીટકોનો ખુલાસો મંગાયો

**રિંગ** રોડ ફ્લાય ઓવરબ્રિજ પર 50 મીટરના અંતરમાં જ 3 બમ્પ બેસાડી દેવાતા વાહનચાલકોને ભારે હાલાકી

**તમામ** બમ્પ તાત્કાલિક હટાવી લેવા સૂચના




**તારીખ 4 ડિસેમ્બરનો ગુજરાતમિત્રનો અહેવાલ**

સુરતઃ શહેરના ભારે ટ્રાફિક ધરાવતા રિંગ રોડ ફલાય ઓવર બ્રિજમાં સહારા દરવાજા નજીક રાતોરાત માત્ર 50 મીટરના અંતરમાં બમ્પ નાંખી દેવાતા વાહનચાલકોની મુશકેલી વધી હતી. અચાનક બમ્પ મુકી દેવાતા ઘણાં ટુવ્હીલરો ઉછળ્યા અને નાના અકસ્માતો પણ સર્જાયા હતા. આ મુદ્દે ‘ગુજરાતમિત્ર’માં અહેવાલ બાદ મનપાનું તંત્ર સફાળુ જાગ્યું હતું અને આ બમ્પ કોણે મુકાવ્યા તે અંગે તપાસ કરાવવામાં આવી હતી.

દરમિયાન એવું બહાર આવ્યું છે કે, એમએમટીએચના પ્રોજેકટ માટે કામ કરી રહેલા ‘સીટકો’નું કામ બ્રિજની નીચે આસપાસ ચાલુ છે. તેથી બ્રિજ પરથી આવતા વાહનોની સ્પીડ ધીમી કરવા ‘સીટકો’ દ્વારા આ બમ્પ મુકાયા હતા. જો કે તેણે પોલીસ કે મનપાની જરૂરી પરવાનગી લીધી નથી અને મનપાને જાણ સુધ્ધાં કરી નથી.

આ મુદ્દે બ્રિજ સેલનો હલાવો ધરાવતા સિટી ઈજનેર ધર્મેશ ભગવાકરે આ મુદ્દે કડક સ્ટેન્ડ અપનાવી ‘સીટકો’નો ખુલાસો માંગ્યો છે.

તેમજ કોની પરવાનગીથી બમ્પ મુકાયા તેનો જવાબ પણ માંગ્યો છે. ઉપરાંત બ્રિજ વિભાગના અધિકારીઓને આ બમ્પ તાત્કાલિક ધોરણે હટાવી દેવા સુચના આપી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સ્કૂલ-કોલેજોના ટીનએજર્સને ગાંજાના નશામાં ઝોંકવાના નેટવર્કનો પર્દાફાશ

**અડાજણમાં** 13.09 લાખના 374 ગ્રામ હાઈબ્રિડ ગાંજા સાથે ઝડપાયેલા પેડલરની પૂછપરછમાં ઘટસ્ફોટ

સુરતઃ થાઈલેન્ડથી પ્રતિબંધિત હાઈબ્રિડ ગાંજો મંગાવીને સ્કૂલ કોલેજના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને સપ્લાય કરવાનું રેકેટ SOG પોલીસે ઝડપી પાડ્યું છે. SOG પોલીસે મોડી રાત્રે અડાણજ સાંઈરામ રો હાઉસ પાસે હાઈબ્રીડ ગાંજાની ડિલિવરી આપવા આવેલા કાપડ વેપારીને પકડી પાડ્યો છે. પોલીસે વેપારી પાસેથી 13.09 લાખનો 374 ગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો છે.

SOGની ટીમને ગત મોડી રાત્રે બાતમી મળી હતી કે અડાજણ, હનીપાર્ક રોડ પર સાંઈરામ રો હાઉસના એક બંગલોમાં આગમ ઉત્તમ પટેલ નામનો ઈસમ હાઈબ્રીડ ગાંજો વેચે છે. તેને ગાંજો આપવા એક પેડલર મોપેડ લઈને આવવાનો છે. SOGની ટીમે વોચ ગોઠવી બાતમીવાળા પેડલરને સોસાયટીમાં ગેટ પર કોર્ડન કરી પકડી પાડ્યો હતો. તેની મોપેડની ડિક્કીમાંથી 13.09 લાખનો 374 ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. તેણે તેનું નામ સૌરભ નરેશભાઇ ચૌહાણ (ઉંમરઃ 27, ધંધોઃ કાપડનો વેપાર,રહે. નંદનવન -2, વેસુ, મુળ. રાજસ્થાન) જણાવ્યું હતું. આ ગાંજો ઋષભ મહનોતના કહેવાથી સાંઈરામ રો હાઉસમાં રહેતા આગમ ઉત્તમ પટેલને આપવા આવ્યો હોવાનું કબૂલ્યું હતું અને તે ઋષભ મહનોતના ઘરે જ રહેતો અને તેના માટે ગાંજાની ડિલિવરી કરવાનું કામ કરે છે. મકાનમાં એક ભાગમાં ઋષભ તેના પરિવાર સાથે રહે છે. તેના પિતા કાપડ દલાલ છે.

#### ગાંજો થાઈલેન્ડથી મંગાવતા હતા, યુવક-યુવતી ગ્રાહકોનું લિસ્ટ મોબાઈલમાંથી મળ્યું


SOGની તપાસમાં આ નેટવર્કનું ચોંકાવનારું આંતરરાષ્ટ્રીય કનેક્શન સામે આવ્યું છે. મુખ્ય આરોપી ઋષભ મહનોત થાઇલેન્ડથી ગાંજો પાર્સલ મારફતે મંગાવતો હતો, જે પછી સુરતના યુવાનોને વેચતો હતો. સૌરભ ચૌહાણની ધરપકડ બાદ પોલીસે જ્યારે તેના મોબાઈલ ફોનની તપાસ કરી તો મોબાઈલમાંથી નામ અને મોબાઈલ નંબર સાથેનું યુવક-યુવતી ગ્રાહકોનું એક લિસ્ટ મળી આવ્યું છે. આગામી દિવસોમાં પોલીસ તેમને પણ બોલાવી સમજાવવાનો પ્રયત્ન કરાશે અને પરિવારનો પણ સંપર્ક કરવામાં આવશે. સૌરભના મોબાઈલમાંથી અનેક VPN નંબર પણ મળી આવ્યા છે, જેના આધારે પુષ્ટિ થઈ છે કે આ ગાંજો તેઓ થાઇલેન્ડથી મંગાવતા હતા.

#### વિદ્યાર્થીઓને રાત્રે ગાંજો સપ્લાય થતો હતો

આરોપીના મોબાઈલમાં મળેલું લિસ્ટ ચેક કરતા તેમાં મોટાભાગના શાળા કોલેજના વિદ્યાર્થીઓનો હોવાનું બહાર આવ્યું છે. આરોપીએ કબૂલાત કરી હતી કે તેને મોટાભાગે જે ઓર્ડર આવતા તે મોડી રાત્રે અને મોડે સુધી ચાલતી ચાની ટપરીઓ, પાનના ગલ્લાઓ પર આવતા હતા. ગ્રુપમાં હોય ત્યારે આવા ગાંજાનો ઓર્ડર આવતો હતો. ગાંજો સપ્લાય કરવા જતો ત્યારે ગ્રુપમાં યુવક યુવતીઓ તેનું સેવન કરતા જોવા મળ્યા હતા. આ લોકો ખાસ કરીને શાળા અને કોલેજના ટીનેજર્સને ટાર્ગેટ કરીને ગાંજો વેચતા હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે.

# પુણામાં દીવાથી લાગેલી આગમાં આખું ઘર સ્વાહા

**મેરિયોટ** હોટલના સ્ટાફ ક્વાટર્સમાં અને કતારગામના બંધ મકાનમાં પણ આગથી ભાગદોડ, મોટી દુર્ઘટના ટળતાં રાહત



સુરતઃ સુરત શહેરમાં આજે ત્રણ અલગ-અલગ સ્થળોએ આગ લાગવાની ઘટનાઓ સામે આવી હતી. પાર્લે પોઈન્ટ, કતારગામ અને પુણાગામમાં આગની ત્રણેય ઘટનાઓમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. આજે સવારે પાર્લે પોઈન્ટ ખાતે મેરિયોટ હોટલ નજીક આગ લાગી હતી. આ મકાનમાં હોટલનો સ્ટાફ રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ મોબાઈલ ચાર્જિંગ દરમિયાન શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.

ફાયર વિભાગની ટીમે ગણતરીની મીનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. બીજી ઘટના કતારગામ વિસ્તારમાં ત્રિભોવન નગર સોસાયટીમાં બની હતી, જ્યાં એક બંધ મકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતાં કતારગામ ફાયર સ્ટેશનની ચાર ગાડી સ્થળ પર પહોંચી હતી અને લાશ્કરોએ પાણીનો મારો ચલાવી આગને આગળી વધતી રોકી હતી. બંધ મકાનમાં આગ કયા કારણસર લાગી તે અંગે તપાસ ફાયર વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

ત્રીજા બનાવમાં પુણાગામમાં ઝૂંપડાંમાં આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. પુણાગામમાં ભક્તિધામ મંદિર પાસે હળપતિવાસમાં લક્ષ્મીબેન રાઠોડના ઝૂંપડામાં સવારે દીવો પ્રગટાવ્યા બાદ લાગેલી આગનો કોલ ફાયર કંટ્રોલને મળતા ફાયર બ્રિગેડની ટીમ સમયસર પહોંચી આગને આસપાસનાં ઝૂંપડાં સુધી ફેલાતી અટકાવી હતી.આગના કારણે ઘરવખરી, કપડા, ગાદલા અને પંખા સહિતની વસ્તુઓને નુકસાન થયું હતું. અડધો કલાકની કામગીરી બાદ આગ સંપૂર્ણ રીતે કાબૂમાં આવી ગઈ હતી.

## સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં ૪૭ ઉમેદવારે ઝંપલાવ્યું

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીની 17 બેઠક માટે આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો, જેમાં ૪૭ ઉમેદવારોએ ઝંપલાવી દીધું છે.

વકીલ મંડળની ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી કે પી અસારાવાલાએ જણાવ્યું હતું કે આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખે પ્રમુખપદના ઉમેદવાર તરીકે ચ્હાવાલા હેમંત, પટેલ ઉદય કુમાર, રાવલીયા પ્રવિણકુમાર, વસાવા લક્ષ્મીબેન, ઊપપ્રમુખ પદ માટે જોગડીયા અશ્વિન, પટેલ સંજય કુમાર, વાઘાણી ઘનશ્યામ, સેક્રેટરી પદે માટે ગોંડલીયા અજય કુમાર, રામાણી મુકુંદ, વસાણી પારસ, વેલઘી સાગર, જોઈન્ટ સેક્રેટરી પદ માટે આંબલીયા કેયુર, ગાંગાણી અક્ષય, લીમ્બાચીયા અંકુર, પટેલ કેવન, ખજાનચી પદે ચૌહાણ રોનિકા, કોસંબીયા દિવ્યા, મહિલા પ્રતિનિધિ પદે મુખર્જી ભારતી, પટેલ ફેની, સાળવે કીર્તનબેને ઉમેદવારી નોંધાવી છે. કારોબારી સભ્ય માટે 27 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે. આગામી તા.૮મીએ ફોર્મ ચકાસણી થશે અને તારીખ ૯મી ઉમેદવારી પરત ખેંચી શકાશે.

### નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ મુદ્દે

# DGTRએ સ્ટેક હોલ્ડરોને એક પ્લેટફોર્મ પર સાંભળ્યા

**નાયલોન** વિવર્સ એસોસિએશને ડોમેસ્ટિક અને આયાતી યાર્નના ડેટા રજૂ કરી ADD લગાડવા સામે વિરોધ નોંધાવ્યો

સુરતઃ વિવાદો અને આક્ષેપોના મારા વચ્ચે ડિરેક્ટર જનરલ ઓફ ટ્રેડ એન્ડ રેમેડિઝ (DGTR)ની નવી ટ્રિબ્યુનલ બેન્ચે નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ લાગુ કરવા અંગેની ફ્રન્ટ લાઈન સ્પિનરોની પિટિશનની સુનાવણીમાં સ્ટેક હોલ્ડરોને એક જ પ્લેટફોર્મ પર ઓનલાઈન સાંભળ્યા હતા. આ સુનાવણીમાં સુરત નાયલોન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયૂર ચેવલી, વિવર્સ અગ્રણીઓ મયૂર ગોળવાલા, ભૂપેન્દ્રભાઈ ચાહવાલા, પ્રતીક છટિયાવાલા, ભરતભાઈ વાણાવાલા, ઉદ્યોગકાર મનોજ શેઠિયાએ ડોમેસ્ટિક અને આયાતી નાયલોન યાર્નના ડેટા રજૂ કરી ADD લગાડવા સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે નાયલોન યાર્નની માંગ સામે ઉત્પાદનની અછતનો મુદ્દો પ્રસ્તુત કર્યો હતો. એક્સપોર્ટરોમાં વિયેટનામથી અદિતી અને ચાઈનાથી રાજીવ જૈન પણ હાજર રહી ADD ન લાગે એ અંગેની DGTR સમક્ષ દલીલો કરી હતી.

નાયલોન યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગુ કરવા સ્પિનર્સ (ઓરીલોન, કેપ્લોન, એનકા કંપનીઓ) દ્વારા 26 ડિસેમ્બર-2024ના રોજ ડીજીટીઆર (DGTR)માં એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી (ADD) માટે પિટિશન દાખલ કરવામાં આવી હતી.પ્રથમ સુનાવણી 24 જુલાઈ-2025ના રોજ થઈ હતી, જેમાં બંને પક્ષના વકીલો અને આયાતકારો હાજર રહ્યા હતા. મેરિટ (તથ્યો) પર દલીલો થઈ હતી. બીજી સુનાવણી 2 ડિસેમ્બર-2025ના રોજ ડીજીટીઆર ડિરેક્ટર અમિતાભકુમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બંને પક્ષ સ્પિનર્સ (યાર્ન બનાવનારા) અને વિવર્સ (યાર્ન વપરાશકર્તાઓ)ની દલીલો થઈ હતી.

ઓનલાઈન સુનાવણીમાં સ્પિનર્સ તરફથી (વકીલ એ.કે.ગુપ્તા)એ દલીલ કરી કે માસિક 10,000 ટન નાયલોન યાર્ન આયાત થાય છે, જે સ્થાનિક યાર્ન ઉત્પાદક ઉદ્યોગને નુકસાન પહોંચાડે છે. ADD ન લાગે તો ગંભીર નુકસાન થવાનો દાવો કર્યો હતો.

## ઓનલાઈન ગેમિંગની લતને કારણે દેવું થઈ જતા નાના વરાછાના યુવકે ઝેર પીધું

સુરત : નાના વરાછા ખાતે ચીકુવાડી પાસે શિવપાર્ક સોસાયટીમાં રહેતા 35 વર્ષીય નિલેશ પોપટભાઈ નાકરાણી મુળ અમરેલીના વતની છે. તેઓ સુરતમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. નિલેશ એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. નિલેશને ઓનલાઈન ગેમિંગની આદત પડી ગઈ હતી. આ આદતને કારણે નિલેશ ઘર સહિતની વસ્તુઓ હારી ગયો હતો. અને માથે લાખો રૂપિયાનું દેવું પણ થઈ ગયું હતું. જેથી કંટાળીને 2 ડિસેમ્બરના રોજ નિલેશે સીમાડા અજમલધામ સોસાયટીના ગેટ પાસે ઝેર પી લીધું હતું અને ઘરે આવ્યો હતો. ઘરે આવ્યા બાદ નિલેશની તબિયત લથડતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે રાત્રે તેનું મોત થયું હતું.

# વેસુમાં અકસ્માતમાં પુત્ર બાદ માતાનું પણ મોત

**વેસુ** વીઆઈપી રોડ પર મોપેડ સ્લીપ થઈ જતાં 9 વર્ષીય પુત્રનું ગત શનિવારે મોત નીપજ્યું હતું

**ખાનગી** હોસ્પિટલમાં સારવાર દરમિયાન 35 વર્ષીય માતાનું પણ મોત

સુરતઃ વેસુ ખાતે રહેતા અને સાડીનો વેપાર કરતા યુવકની પત્ની મોપેડ પર પુત્ર સાથે કતારગામની ખાનગી હોસ્પિટલે પુત્રની દવા લેવા માટે ગયા હતા. દવા લઈને પરત ઘરે જઈ રહ્યા હતા, તે દરમિયાન ઘર નજીક મોપેડ સ્લીપ થતાં માતા અને પુત્રને અકસ્માત નડ્યો હતો. જેમાં પુત્રનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું, ત્યારબાદ સારવાર દરમિયાન માતાનું પણ આજે મોત નીપજ્યું હતું. માતા-પુત્રના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, વેસુ સેલિબ્રિટી ગ્રીન રાજહંસ કોરઝો રેસીડેન્સીમાં હાર્દિકભાઈ શાહના પત્ની યેશા (ઉ.વ.35) તેમજ બે સંતાન સાથે રહે છે. હાર્દિકભાઈ સિલ્ક સિટી માર્કેટમાં સાડીનો વેપાર કરે છે.

હાર્દિકભાઈની પત્ની યેષા, 9 વર્ષીય પુત્ર હેયાંશ સાથે શનિવારે બપોરે મોપેડ પર કતારગામની ખાનગી હોસ્પિટલમાં પુત્ર હેયાંશની દવા લેવા માટે ગયા હતા. દવા લઈને બંને પરત ઘરે આવી રહ્યા હતા.

તે દરમિયાન વેસુ વી.આઈ.પી. રોડ રોલેક્ષ ટાવર નામની નવી બંધાતી સાઈટની સામે મોપેડ સ્લીપ થતા માતા પુત્રને અકસ્માત નડ્યો હતો. બંનેને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં પુત્રનું મોત નીપજ્યું હતું. શુક્રવારે સવારે 7 વાગ્યાના અરસામાં સારવાર દરમિયાન યેશાનું પણ મોત થયું છે. હેયાંશ બ્રોડવે ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ 3 અભ્યાસ કરતો હતો.

### અમદાવાદ અને નવસારીની ઘટના બાદ સુરત DEOની સૂચનો

# વાલીઓ રોજ બેગ ચકાસીને જ બાળકોને શાળાએ મોકલે

**શાળાઓને** શિસ્ત સમિતિ રચવા સૂચન, બાળકોની આવ-જાના પરિવહન, વર્ગખંડ, રમતના મેદાન સહિતની ગતિવિધિ પર વોચ રાખવી

સુરતઃ સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સુરત જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓની સલામતીને લઈને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. સ્કૂલ સેફટી પોલિસી-2016ના અનુસંધાને શાળાઓએ વિદ્યાર્થીઓની સુરક્ષા માટે જરૂરી તમામ પગલાં કડકાઈથી અમલમાં મૂકવાના રહેશે.

અમદાવાદની શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા ઘાતક હથિયારના ઉપયોગ અને હત્યાની ઘટના બાદ બે દિવસ પહેલા નવસારીમાં પણ એક ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટના બાદ સુરતના જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાઓને વિશેષ આદેશ કર્યા છે. દરેક શાળાએ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ શિસ્ત સમિતિ રચવાની રહેશે. આ સમિતિમાં આચાર્ય, શિક્ષક અને વિદ્યાર્થી પ્રતિનિધિ / વર્ગ મોનીટર / જી.એસ. સભ્ય સામેલ રહેશે.

#### વિદ્યાર્થીની સલામતી જ શાળાની પ્રથમ ફરજ

જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે સ્પષ્ટ કર્યું છે કે શાળાના આચાર્ય અને શિક્ષકનું પ્રાથમિક ધ્યેય બાળકોની સલામતી જ હોવું જોઈએ. સુરત જિલ્લા હેઠળની તમામ શાળાઓને આ સૂચનોનું ચૂસ્તપણે પાલન કરવાની ફરજિયાત સૂચના આપવામાં આવી છે.

#### શિક્ષકની ગેરહાજરીમાં બાળકો વર્ગમાં એકલા ન રહે

કચેરીએ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે શિક્ષક વર્ગમાં હાજર ન હોય ત્યારે વિદ્યાર્થીઓને એકલા ન રાખવામાં આવે. શિસ્ત સમિતિ અથવા અન્ય શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં જોડાવવામાં આવે જેથી તેઓ ભયમુક્ત વાતાવરણમાં શિક્ષણ મેળવી શકે.

# ‘મમ્મી તું પાછી આવી જા મને ગમતું નથી, રહેવાતું નથી’

**માતાના** વિયોગમાં 17 વર્ષીય દીકરીએ વખ ઘોળતાં મોત

સુરતઃ કોસાડ આવાસમાં પિયરે ગયેલી માતાના વિયોગમાં 17 વર્ષીય દીકરીએ ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ભરૂચ જંબુસરના વતની મકસુદભાઈ પટેલ હાલ કોસાડ આવાસમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. મકસુદભાઈ રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. છેલ્લા કેટલાક સમયથી તેમને પત્ની સાથે સતત અણબનાવ ચાલી રહ્યો હતો. જેથી તેમની પત્ની પિયર જતી રહી હતી.

માતાના પિયરે ગયા બાદ તેની 17 વર્ષીય પુત્રી મારીયાને માતાની સતત યાદ આવતી હતી. રોજેરોજ મારીયા તેની માતાને ફોન કરીને “મમ્મી તું પાછી આવી જા, મને ગમતું નથી” એમ રડતી-ઝૂરતી હતી. પરંતુ માતા પિયરથી પરત આવી ન હતી. જેથી 26 નવેમ્બરે રાત્રે માતાનો વિયોગ સહન ન થતા મારીયાએ ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ પરિવારને થતા મારીયાને સારવાર માટે ખાનગી બાદ સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે રાત્રે મારીયાનું મોત થયું હતું. બનાવને પગલે અમરોલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
IDFC FIRST Bank
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ91-44-4564 4000| ફેક્સઃ91-44-4564 4022

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ | કલમ 13 (2) હેઠળની નોટીસની તારીખ | કલમ 13 (2) હેઠળ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 45364160 | હોમ લોન | 1. શેખર ગુરુદયાલ પર્ચા<br>2. સુનિતા શેખર પર્ચા | 29.11.2025 | Rs. 26,28,577.77/- |
| મિલ્કતનું સરનામુંઃ સ્થાવર મિલકતના તમામ ભાગ, એ ટાઈપ, પ્લોટ નં. 145 (7/12 અનુસાર પ્લોટ નં. 115/145), ક્ષેત્રફળ 66.92 ચોરસ મીટર, બાંધકામ સાથેનું ક્ષેત્રફળ 108.14 ચોરસ મીટર (બિલ્ટઅપ), સાઇ યુનિટી રો હાઉસ, જે સ્થિત છે જૂના સરવે નં. 154, નવા સરવે નં. 115, ટી.પી. સ્કીમ નં. 48 (ભેસ્તાન), ફાઈનલ પ્લોટ નં. 17, મોજે ગામઃ ભેસ્તાન, પેટા જિલ્લોઃ સુરત શહેર (મજૂરા), જિલ્લો : સુરત, ગુજરાત-395023, અને સીમાઓઃ પૂર્વઃ પ્લોટ નં. એ/110, પશ્ચિમઃ 7.50 મીટર રસ્તો, ઉત્તરઃ પ્લોટ નં. એ/146, દક્ષિણઃ પ્લોટ નં. એ/144 | | | | | |

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
તારીખઃ 06-12-2025 (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ
સ્થળઃ સુરત, ગુજરાત સાથે એકીકૃત થઈને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર-૨, પ્લોટ નં. ૬-બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭

**વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ**

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો “જ્યાં છે ત્યાં છે” અને “જેમ છે તે પ્રમાણે છે” પર બેકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

**હરાજીની તા.૨૪/૧૨/૨૦૨૫, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,**
**નિરિક્ષણ તારીખ અને સમય : ૧૫/૧૨/૨૦૨૫, ૫ મીનીટ ના વધારા સાથે**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશભાઈ સનમુખભાઈ મૈસુરીયા<br>પટેલ ફળીયુ મુ. પોસ્ટ. હરીપુરા<br>તા. પલસાણા, પીનકોડ :૩૯૪૩૨૫<br>સુરત. | 1.Regd. No:- GJ19AM8072<br>2.Date of Reg.:- 07-01-2019<br>3.Make:-TATA Motors LTD<br>4.Model:- TATA HEXA XT4X2 VARICOR BSIV<br>5.Color:- Pearl White<br>6.Km Reading:- 85827 KM<br>7.Fuel Used:- Diesel | રૂ.૧૮.૫૪ (લાખમાં) + અન્ય ચાર્જીસ | ૧) રૂ. ૫,૭૨,૦૦૦.૦૦<br>૨) રૂ. ૫૭,૨૦૦.૦૦<br>૩) રૂ. ૧૦,૦૦૦.૦૦ | ૧. ખાતા નં. ૦૭૩૦૦૦૧૫૧૮૮૯<br>૨. BARBOUMBHEL<br>૩. બેંક ઓફ બરોડા ઉમ્ભેળ શાખા<br>૪. ટીલારા વિપુલ કિરીટભાઈ મો : ૯૯૨૫૪૨૯૯૯૪ |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો આપવામાં આવેલ છે.

| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB17924713 | હરાજી આઈડી -૨૧૫૦૦૪ |
|---|---|---|

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સંદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : + ૮૮૮૮૫૫૬૧૭, + ૯૯૨૨૩૪૪૬૩૪

તારીખ : ૦૬.૧૨.૨૦૨૫, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !
બીઓ : ટ્રેડ હાઉસ, સુરત- ૩૯૫૦૦૨, ફોનં. નં. ૦૮૩૬- ૨૪૪૭૮૦૦/૭૨૫૯૦૦૯૩૭૫ email: bo052120@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી રાજેશ કુમાર સીંગ (દેવાદાર)** અને **શ્રીમતી ઈન્દુકુમારી રાજેશકુમાર સીંગ (સહ દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન-પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી વિષ્ણુદેવકુમાર શીઓજી સીંગ (જામીનદાર)** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી રાજેશ કુમાર સીંગ (દેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ધીરજ નગર-૨ નો પ્લોટ નં. એચ/૩૩, માપ ૩૮.૯૧ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૭૭/૧, ૭૭/૨, ૭૮/૨, ૭૯, ૮૦, પૈકી બ્લોક નં. ૮૪, ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા- ડિંડોલી) ફાઈનલ પ્લોટ નં. ૧૭/એ પૈકી સબ પ્લોટ નં.એ, મોજે ગોડાદરા, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશાઃ **ઉત્તર તરફ**ઃ જોડેનો પ્લોટ નં. એચ/૩૪, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. એચ/૩૨, **પૂર્વ તરફ** : જોડેનો ૫ મીટર રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. એચ/૪૨ મોર્ગેજ ટાઈટલ ડિડ નોંધાયેલ નવાગામ એસઆરઓ ખાતે નં. ૧૦૨૭૯/૨૦૧૪ થયેલ છે. | ૦૫.૧૧.૨૦૨૫ | ૨૯.૧૦.૨૦૨૫ | રૂ. ૧૧,૫૨,૭૫૫.૫૦ + ૩૬,૭૬૧.૪૦ + ૧૧૪૫.૦૦ = રૂ. ૧૧,૯૦,૬૬૧.૯૦/- |
| ૨ | શ્રીમતી ઈન્દુકુમારી રાજેશકુમાર સીંગ (સહ દેવાદાર) | | | | |
| ૩ | શ્રી વિષ્ણુદેવકુમાર શીઓજી સીંગ(જામીનદાર) | | | | |

ઉપરોકત દેવાદાર(રો), જામીનદારો જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવાદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૬.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક